સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વિંટાઈને લે ભરડો અજગર, દોસ્તીના દાવે !
કરે ચૂરચૂર મૈત્રીનાં હાડકાં, દોસ્તીના દાવે !
જીભે મીઠા બલકારા, ઓકે ઝેર, દોસ્તીના દાવે !
ભાંક્યા કરે કટાર પીઠ પાછળ, દોસ્તીના દાવે !

હાઈકુ

દેખાવે હંસ,
પણ મારે દંશ -
ચીનાઈ કોબ્રા !

બાંધે રાફડા,
ગળી જાય જમીન -
છે કાળો નાગ!

ચિંતન

હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ ।
તત્ ત્વં પૂષન્ઃ અપાવૃણુ સત્ય-ધર્માય દૃષ્ટયે ॥

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

(માયારુપ) સોના જેવા મોહક ઢાંકથી સત્યનું -આત્માનું સ્વરુપ આવૃત્ત થયેલું છે. હે પૂષન !! સંસારનું પોષણ કરનારા ભગવાન !! સત્યની શોધ કરનારા મને સત્યનાં દર્શન થાય તે માટે તમે એનું મોહજન્ય પ્રલોભન હટાવો.

ધન-સંપત્તિ - વાસનાઓ - ભૌતિક અન્ય ભાવનાઓ એ 'માયા' છે ભલભલા યોગી - મુનિઓને માયાનું આવરણ આવી જતાં સત્ય દેખાતું નથી - માટે આવી 'માયાઓ'થી સદાય દૂર રહી વિરક્ત રહેવામાં જ સાર છે. સાદુ-સરળ જીવન જ સત્ય માર્ગે લઈ જાય છે.

સુવિચાર

- ન્યાય ને વેચાય નહીં, સત્યને સોંપાય, ચોરને પકડીને સિપાઈને સોંપાય - **પેશ્વા રાઘોબા**
- જીવનની સાર્થકતા સેવામાં છે, સ્વાર્થી માનવીની મેવામાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર કેટલાકને બીજા કરતાં વધારે આપે છે,
  કારણ કે કેટલાક બીજા કરતાં વધારે સ્વીકારે છે - **અર્નેસ્ટ હોમ્સ**
- આપણને સૌને બે ગુણ મળેલ છે, શક્તિ અને ભેટ. શક્તિ દિશા બતાવે છે અને ભેટ આપણામાંના શ્રેષ્ઠત્વને વહેંચવામાં મદદ કરે છે - **ઓપ્રા વિનફ્રે**
- યાદ રાખો કે શરીર તમારું છે. મગજ પણ તમારું જ છે,
  તમે દુનિયાના કોઈ જ ભોગ બનેલા નથી. તમે જ વિશ્વ છો - **સર રિચાર્ડ**
- શંકા ઘણીવાર ડહાપણની શરુઆત હોય છે - **એમ. સ્કોટ**
- આજનું ઔષધ : પાંચ બીજ પયૈયાના નવસેકા પાણી સાથે બાળકને પાંચ દિવસ સુધી સવારે ખવડાવવાથી બાળકની પાચનશક્તિ અને પેટ સરખા થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સંત જેવું સાંસારિક જીવન જીવતા ગૃહસ્થ શિયાળની સાંજે ટહેલવા નીકળ્યા. પાછા ફરતા. સૂમસામ રસ્તામાં એક ઠંડીમાં ઠરતો ભિક્ષુક મળી ગયો. તેણે ભીખ માગતા હાથ લંબાવ્યા? એ વખતે ગૃહસ્થ પાસે એક રૂપિયો પણ આપવા માટે નહોતો. કારણ કે તેઓ ઈવનીંગ વૉકમાં નીકળ્યા હતા. ગૃહસ્થને એના પર ખૂબ દયા આવી ગઈ. અને કરુણાના ભાવ સાથે એ ભિક્ષુકના બે હાથ પકડી લીધા. પછી ખભા પર હાથ મૂકી ગળગળા સાદે ગૃહસ્થે કહ્યું, 'ભાઈ, તું હતાશ થઈશ નહીં, હું તને હમણાં કશી મદદ કરી શકું તેમ નથી. પરંતુ તને બીજો કોઈ જરૂર મદદ કરશે!!'

ગૃહસ્થનો કરુણાસભર અવાજ સાંભળી. ભિક્ષુક બોલ્યો. 'શેઠ, મારા ઠંડા હાથોને પકડી ગરમી આપી, મારા માથે અને ખભે હાથ ફેરવી સહાનુભૂતિ બતાવી સ્નેહ આપ્યો. તેથી મને ખૂબ શાંતિ મળી છે. હું આપનો ઉપકાર કદી ભૂલી નહીં શકું.'

ગૃહસ્થ ખુશ થઈ ગયા. કારણ કે એમને જાણે એખ ભિક્ષુક તરફથી જ્ઞાન મળ્યું. માનવતાનો નવો માર્ગ ખૂલ્યો. સાર એ જ કે દુઃખી જનોને સહાનુભૂતિના બે સારાં વચનો પણ અમૃત તુલ્ય છે.

અદાલતનો અભિગમ અભિનંદનીય

તંત્રીસ્થાનેથી...

પરંપરાગત કર્મકાંડમાં ફેરફાર થાય તે શ્રધ્ધાળુ ભક્તોને ભલે ન ગમે, પરંતુ વર્તમાન સંજોગોની કઠોર વાસ્તવિકતા નજરઅંદાજ કરવામાં આવે એ તો ખુદ ભગવાન જગન્નાથને પણ ન ગમે. વિપરીત સંજોગો છે તે આખું જગત જાણે છે. કોરોના સંક્રમણનો આંકડો છસો પર પહોંચી ગયો હોય છતાં રાજય સરકાર કે મંદિરનું વહીવટીતંત્ર એ જ પરંપરાગત રૂટ પર નિયમોને આધીન રહી રથયાત્રા કાઢવા માટેની જીદ પકડે તે ખરેખર એકવીસમી સદીના ગુજરાતી જનમાનસની દરિદ્રતા દર્શાવે છે. સુપ્રીમ કોર્ટે પુરીમાં રથયાત્રા પર પહેલાં પ્રતિબંધ મૂક્યો અને પછી કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા મંદિર ટ્રસ્ટ ઉપરાંત પુરીના શંકરાચાર્યના હઠાગ્રહને વશ થઈ નિયામધીન રથયાત્રાની મંજૂરી આપી દીધી એ મુદ્દો અમદાવાદના જગન્નાથ મંદિરના કર્ણધારો અને હિંદુત્વ મુદ્દે લોકમાનસને રીઝવવાની રાજનીતિ કરતી રાજય સરકાર માટે ગળાની ફાંસ બની ગયો હતો. જો પુરીમાં નિયમાધીન રથયાત્રાને મંજૂરી મળી શકતી હોય તો અમદાવાદમાં કેમ નહીં? અહીં પણ ૧૪૨ વર્ષની પરંપરા છે, જનમાનસની શ્રદ્ધા જોડાયેલી છે. આવા મુદ્દે રાજય સરકાર પ્રો-ઍક્ટિવ બનીને હાઈકોર્ટને એનો ચુકાદો બદલવા આજીજી કરતી રહી. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓને કે એમણે બધી દલીલો અને ટ્રેકટરથી રથો ખેંચવા સહિતના તમામ વિકલ્પો સાંભળી લીધા પછી પણ રાજય સરકારની અરજી નકારી કાઢી. 'અમને લોકોના જીવનની ચિંતા છે.' - એટલા એક નિરીક્ષણમાં કેટલુંબધું કહેવાઈ જાય છે! ફક્ત મહાનગરપાલિકા અને રાજયની અન્ય સ્થાનિક ચૂંટણીઓ જીતવા ભગવાન જગન્નાથના નામનો ઉપયોગ થાય એ જ આશયથી બધું જ સમજતી હોવા છતાં રાજય સરકાર રથયાત્રા કાઢવાનો આગ્રહ રાખતી હતી, તે જગતસત્ય ભગવાન જગન્નાથ પણ સમજતા જ હોય. રાતોરાત કાઈમ બ્રાન્ચ પાસે ટ્રેકટર યાત્રાનું રિહર્સલ અને મહિનાઓ અગાઉ શરૂ થતી પ્રક્રિયાઓ પૂરી કરવા તૈયાર થનારી સરકારનો ઈરાદો હાઈકોર્ટ સુપેરે સમજી ગઈ. પુરી કોઈ મહાનગર નથી. વળી પુરીની રથયાત્રા ઘણી પ્રાચીન છે અને એ તો દિવસો લગી ચાલે છે. એને સુપ્રીમ કોર્ટે પહેલાં નામંજૂર કર્યા પછી મંજૂરી આપી તે ન્યાયપાલિકા પણ રાજકીય પરિબળોની શેહમાં આવી પોતાના નિર્ણયો રાતોરાત ફેરવી શકે છે - એનું ઉદાહરણ છે. એ દૃષ્ટિએ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ વધુ તટસ્થ, વધુ નીડર અને સાચા અર્થમાં લોકહિતના રક્ષક સાબિત થયા છે. પુરીની રથયાત્રામાં બીજી એક આંટીઘૂંટી પણ હતી. જો રથયાત્રાની પરંપરા તૂટે તો બાર વર્ષ માટે ભગવાન મંદિર બહાર નગરયાત્રાએ ના નીકળી શકે. મોગલ શાસન દરમિયાન આવી ઘટના બનેલી હોવાનો પુરાવો પણ રજૂ થયો. શ્રદ્ધાળુઓની અનુપસ્થિતિની શરતનું પાલન કરવા રાજય સરકાર ત્યાં કરફ્યૂ નાખીને પણ પરંપરા જાળવવા કૃતસંકલ્પ હતી. અમદાવાદની રથયાત્રામાં ખુદ મહંત દિલીપદાસે પ્રજાહિતમાં રથયાત્રા મંદિર પરિસરથી જ પરિક્રમા કરશે એવો વિકલ્પ પહેલાંથી રજૂ કર્યો હતો. દુરાગ્રહ સામે વૈજ્ઞાનિક અભિગમ અને પ્રજાહિતનો વિજય થાય ત્યારે ખુદ ભગવાન જગન્નાથને પણ રાજીપો જ થાય. આખરે એ તો 'રણછોડ' છે : જયારે સલામતી ન લાગી ત્યારે પ્રજાજનો સાથે એ મથુરા નગરી છોડીને દ્વારિકા આવી ગયા હતા. શ્રીકૃષ્ણના જીવનમાંથી આ વહેવારું અભિગમ શીખવો જોઈએ. એ અભિગમથી એમણે જાતે શસ્ત્ર ધારણ કર્યા વગર પાંડવોને મહાભારતના યુદ્ધમાં વિજય અપાવ્યો હતો, અને એ જ અભિગમ અપનાવી લાડલી બહેન સુભદ્રાનું મિત્ર અર્જુન પાસે હરણ કરાવ્યું હતું. જય જગન્નાથ, જય રણછોડ!

સંદીપ જેવા માનવ આજે પણ મળે છે, તો સક્ષમ જેવા વિરલા પણ કેમ ન મળે

નવાં કલેવર
નટવર હેડાઉ

'ભાઈ, પરમ દિવસે નવા મકાને હવન રાખ્યો છે. રવિવારનો દિવસ છે. તમારે સૌને આવવાનું છે. હું ગાડી મોકલી આપીશ.' નાનાભાઈ સક્ષમે મોટાભાઈ સંદીપને મોબાઈલ પર વાત કરતા કહ્યું.

'શું વાત છે, સક્ષમ તું ભાડાના બીજાં કોઈ મકાનમાં રહેવા જાય છે?'

'ના, ભાઈ, આ મકાન આપણું છે. ભાડાનું નથી.'

'આપણું મકાન' ખૂબ જ આશ્ચર્યથી સંદીપના મોં એ આવી ગયું.

'સક્ષુ, તેં તો કહ્યું પણ નહીં કે તે પોતાનું મકાન કયારે લીધું.'

'બસ, મોટાભાઈ' કહેતાં સક્ષમે ફોન કાપી નાંખ્યો.

'પોતાનું મકાન' 'બસ મોટાભાઈ' આ શબ્દો સંદીપના માથા પર હથોડાની જેમ વાગી રહ્યા હતા. બંને ભાઈઓ વચ્ચે ઉંમરનો તફાવત લગભગ પંદર વર્ષનો હતો.

સક્ષમ લગભગ જયારે સાત વરસનો હતો ત્યારે તેમનાં માતાપિતાનું એક અકસ્માતમાં મૃત્યુ થઈ ગયું હતું. તેથી હવે સક્ષમની તમામ જવાબદારી સંદીપ પર આવી ગઈ હતી. તે નાનાભાઈને ખૂબ પ્રેમ કરતો હતો, લાડ લડાવતો. તેણે ખૂબ સારી રીતે તેનું પાલન પોષણ કર્યું અને ભણાવ્યો હતો.

પ્રાઈવટે કંપનીમાં કામ કરતા સંદીપના પગારનો મોટો હિસ્સો ભાડાના મકાનમાં વપરાઈ જતો હતો. અભ્યાસ પૂરો થતાં જ સક્ષમને સારી કંપનીમાં જોબ મળી ગઈ અને જલ્દીથી લગ્ન પણ ઈ ગયા. મોટાભાઈ સાથે રહેવમાં જગ્યા ઓછી પડતાં તેણે બીજું એક મકાન ભાડે લઈ લીધું. આમ પણ હવે સંદીપને બે બાળકો હતા. મોટી દીકરી અને નાનો દીકરો. મકાન લેવાની વાત જયારે સંદીપે તેની પત્નીને કરી ત્યારે તેની આંખમાં આસું આવી ગયા. તે બોલી 'દિયરજી માટે આપણે શું નથી કર્યું? આપણા છોકરાઓને સારાં કપડાં નથી પહેરાવ્યાં. કયારેય ફિલ્મ જોવા કે સારી હોટલમાં જમવા નથી લઈ ગયા. દુઃખ એ વાતનું નથી કે તેમણે પોતાનું મકાન લઈ લીધું પણ દુઃખ એ વાતનું છે કે તેમણે આ વાત આપણાથી છુપાવી.'

રવિવારની સવારે સક્ષમે મોકલેલી ગાડી સંદીપના કુટુંબને લઈને એક સુંદર મકાનની સામે આવી ઊભી રહી. મકાન જોઈને સંદીપનું મન ભરાઈ આવ્યું. મકાન બહારથી જેટલું ભવ્ય હતું એટલું જ અંદરથી સુંદર અને સુશોભિત હતું. મકાનમાં દરેક પ્રકારની સુખસુવિધાય હતી. તે મકાનના બે એક સરખા ભાગ જોઈને સંદીપે મનોમન વિચાર્યું. 'જુઓ નાના ને પોતાના બંને દીકરાઓની કેટલી ચિંતા છે. બંને માટે એક જેવા બે ફલેટ તૈયાર કરાવ્યા છે.'

આખું મકાન સવા-દોઢ કરોડથી ઓછાનું નહીં જ હોય. અને એક હું છું. જેની પાસે જુવાન દીકરીનાં લગ્ન માટે બે પાંચ લાખની સગવડ પણ નથી.' મકાન જોતાં સંદીપની આંખમાં આંસુ હતા. જેને તેણે માંડ રોકી રાખ્યાં.

તે વખતે જ પંડિતજીએ બોલાવ્યા. 'હવનનો સમય થઈ ગયો છે. મકાન માલિક હવન માટે અગ્નિકુંડની સામે આવી બેસો.'

સક્ષમના મિત્રોએ કહ્યું, 'મહારાજ તમને બોલાવે છે.' આ સાંભળી સક્ષમ બોલ્યો. 'આ મકાનનો માલિક હું એકલો નથી. મારા મોટાભાઈ સંદીપભાઈ પણ છે. આજે હું જે કંઈ છું તે તેમના જ કારણે છું. આ મકાનના બે ભાગ છે. એક તેમનો અને એક મારો.'

હવન કુંડની સામે બેસતી વખતે સક્ષમે સંદીપના કાનમાં ધીરેથી કહ્યું, 'મોટા ભાઈ, દીકરીની ચિંતા બિલકુલ ન કરતા. તેનાં લગ્ન આપણે બંને મળી ખુબ ધામધૂમથી કરીશું. આખા હવન દરમિયાન સંદીપ પોતાની આંખમાં આવતાં આંસુઓને લૂંછતો હતો. જો કે હવનનાં અગ્નિમાં કયાંય ધુમાડાનું નામોનિશાન ન હતું.'

સંદીપ જેવા માનવ આજે પણ મળે છે તો સક્ષમ જેવા વિરલા પણ કેમ ન મળે.

જોજો, એ વાત બહાર જાય નહીં

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

ઘણી વ્યકિતઓ પોતાના જીવનનાં છેલ્લા દિવસો દરમ્યાન કોઈપણ કારણસર દુઃખી હોય છે. કોઈ પોતાના સ્વાસ્થ્યને કારણે દુઃખી હોય છે. કોઈ વ્યકિત નાણાકીય રીતે ભાંગી ગઈ હોય છે તેના કારણે દુઃખી હોય છે. કોઈ વ્યકિત પોતાના કુટુંબીજનો સાથે બગડી ગયેલા સંબંધોને કારણે તૂટી ગઈ હોય છે અને તેને કારણે દુઃખી હોય છે. કોઈ વ્યકિતને જીવનમાં પોતાનું કહી શકાય એવું કોઈ જ નથી હોતું અને એકલવાયું જીવન જીવતી હોય છે તેને કારણે દુઃખી હોય છે. આમ વિવિધ કારણોસર દુઃખી આવી વ્યકિતઓ માત્ર જીવવા ખાતર જિંદગી જીવતી હોય છે. તે વ્યકિતનાં દુઃખના કે વ્યથાના કારણની અંગત કહી શકાય એવી બાબતો બહુ ઓછા લોકોને, ખાસ કરીને અંતર્ગત લોકોને જ જાણ હોય છે.

પોતાના સ્નેહી, સંબંધી કે મિત્રોની અંગત વાતો પોતે જાણતી હોય અને પછી એ જ અંગત વાતો કોઈ જ પ્રકારના ઠોસ કારણો વિના જાહેર કરનાર વ્યકિતની મનોવૃતિ થોડાઘણા અંશે વિકૃત હોય છે એવું કહીએ તો અતિશયોકિત નહિ ગણાય. પોતાના જ અંગત સંબંધીઓની અંગત વાતો જાહેર કરી દેનારી વ્યકિતઓ કદાચ એવું સાબિત કરવા માંગતી હોય છે કે એ વ્યકિત વિષે ''હું કઈંક જાણું છું'' અથવા તો ''હું જ કઈંક જાણું છું.'' આ પ્રકારની વ્યકિતઓ પોતાના સંબંધીની અંગત વાતો જાહેર કરીને એવું સાબિત કરીને એક પ્રકારનું ખોટું ગૌરવ લેવા માંગતા હોય છે કે ''તેમની સાથે મારે અંગત સંબંધો હતા તેથી જ હું બધું જાણું છું.'' આવું કરીને એ લોકો વચ્ચે પોતાનો સિક્કો પાડવા ઈચ્છતા હોય છે. કેટલાક લોકો વિખ્યાત લોકોની અંગત બાબતો જાહેર કરીને ખોટી પ્રસિધ્ધિ મેળવવાની લાલચે પણ આ પ્રકારનું દુષ્કૃત્ય કરતાં હોય છે.

પોતાના છેલ્લા દિવસોમાં કોઈપણ કારણસર દુઃખી થયેલી વ્યકિતનું મૃત્યુ થાય પછી તેમની નજીકનાં સંબંધી હોવાનો દાવો કરનારા ઘણા લોકો વિવિધ પ્રકારની સલાહો આપ્યાના બણગાં ફૂંકાતા હોય છે અને કહેતા ફરતાં હોય છે કે ''મેં તો તેને આવી સલાહ આપી હતી, પણ તે માન્યા જ નહિ.'' ''તેમને આમ કરવાની જરૂર હતી ને તેમ કરવાની જરૂર હતી.'' ''અડધી રાતે પણ કામ હોય તો કહેજો એવું મેં તો તેને કહ્યું હતું કે પણ તેઓ ક્યારેય કશું બોલ્યા જ નહિ''. જે વ્યકિત આ ફાની દુનિયા છોડીને જતી રહી હોય તેમની પાછળ આ પ્રકારની વાતો કરવાનો કોઈ અર્થ ખરો? એમ કરવાથી આપણો કયો હેતુ પાર પડતો હોય છે? સારિકાજીએ કહ્યું એમ જે વ્યકિતને મુશ્કેલી હોય તેને તે જીવંત હોય ત્યારે મદદ કરવી જોઈએ. તેનાં મૃત્યુ પછી આપણે મોટા બણગા ફૂંકીએ તો તેનાથી કોઈ જ પ્રકારના હેતુઓ સરતા નથી, ઊલટાનું આપણી આબરૂને તો બટ્ટો લાગતો હોય છે અને સાથે સાથે મૃત વ્યકિતની છાપ પણ ખરડાતી હોય છે. જે વ્યકિત આપણી નજીક હોય, અથવા તો જે વ્યકિતને આપણે નજીકની માનતા હોઈએ એ વ્યકિત આપણને સૌને છોડીને ચાલી ગઈ હોય તેની છાપને કોઈપણ રીતે ખરડવાનો આપણને કોઈને હરગીજ અધિકાર નથી.

વ્યકિતનું મૃત્યુ થાય પછી તેની પાછળ તેનાં અંગત જીવન વિષે જે કઈં ચર્ચાઓ થતી હોય છે તેમાંની ઘણી હકીકતો સાચી પણ હોય શકે. કેટલીક વ્યકિતઓ એ સાચી હકીકતોમાં મરચું-મીઠું કે મસાલો ભભરાવીને, સાચી વાતોને ખોટી રીતે રજૂ કરીને, સાચી વાતોને આમતેમ મરડીને ફેલાવતા હોય છે. આ પ્રકારની મીઠું- મરચું ભભરાવેલી વાતો મૃત વ્યકિતની આબરૂ માટે તો ઘાતક બનતી હોય છે. તેમની સાથે સાથે ક્યારેક તેમનાં કુટુંબીજનો કે સ્નેહી સંબંધીઓની છાપને પણ બહુ મોટું નુકશાન પહોંચાડતી હોય છે.

વ્યકિતનાં મૃત્યુ પછી અંગત વાતો જાહેર કરનાર કે તેમની અંગત વાતો મારી-મચડીને રજૂ કરવાની મનોવૃતિ ધરાવનાર વ્યકિત અને કોઈનાં મૃત્યુ પછી આ પ્રકારનું વર્તન કરનાર વ્યકિત કદાચ એવું માનતી હોય છે કે 'વ્યકિત ત્તો મૃત્યુ પામી, હવે તેની વિષે વાત કરવામાં વાંધો શું?' 'વ્યકિતના મૃત્યુ પછી અંગત વાતો ક્યાં અંગત રહેતી હોય છે તો પછી તેની અંગત વાતો જાહેર કરવામાં વાંધો શું?' આવી માન્યતા ધરાવનાર કદાચ એક વાત સમજતા નથી કે વ્યકિત જીવંત હોય કે મૃત, તેમની અંગત વાતો હંમેશા અંગત જ હોય છે અને તેને કાયમ માટે અંગત જ રાખવી જોઈએ. એ વાતો અંગત જ રહે એ આપણાં સૌની ફરજ બનતી હોય છે. સાધનાજી ક્યાં પ્રકારની માંદગીને કારણે મૃત્યુ પામ્યા એ વાત હિન્દુજા હોસ્પિટલ સત્તાવાળાઓએ અધિકૃત રીતે જાહેર કર્યું ન હતું. એ કહંગી રાખવાનો દરેકને અધિકાર છે.

કોઈનાં અંગત જીવન વિષે આપણે જાણતા હોઈએ કે જાણવાનું મળે એ કદાચ આપણું સૌભાગ્ય ગણાય. એ અંગત વાતોને હંમેશ માટે આપણે અંગત જ રહેવા દઈએ અને તેમનાં અંગત જીવનની એક નાની એવી વાત પણ આપણાં થકી બહાર ન જાય તેની તકેદારી રાખવી આપની મોટી ફરજ બની રહે છે. કોઈની અંગત વાતો જાહેર કરતાં પહેલા આપણે એટલું વિચારીએ કે એ મૃત વ્યકિતની જગ્યાએ આપણે પોતે હોઈએ અને આપણી અંગત વાત કોઈ જાહેર કરે તો આપણાં કુટુંબીજનો કે સ્નેહી-સંબંધીઓની કેવી દશા થાય? બસ, આટલું જ વિચારીએ તો કદાચ આપણે કોઈની અંગત વાત જાહેર કરવાની ગુસ્તાખી નહીં કરીએ.

પોતાના અંગત પરિજનોનાં જીવનની અંગત વાતો પ્રસિધ્ધ કરતાં લોકોને કદાચ એ વાતની કલ્પના નહીં હોય કે આવું કરવાથી તેઓની પોતાની છાપ પણ ખરડાતી હોય છે. વ્યકિત એકવાર પણ આવું વર્તન કરે પછી એ વ્યકિત ઉપર વિશ્વાસ મૂકીને પોતાની અંગત વાત કરતાં પહેલા લોકો બે વાર વિચાર કરશે.

આપણાં ઉપર કોઈએ રાખેલો ભરોસો કાયમ માટે અકબંધ રાખવો હોય તો એક જ સૂચન કે કોઈએપણ વ્યકિતની અંગત વાત જોજો, બહાર જાય નહીં

વાસ્તવમાં ઝમીર બધાએ ગુમાવ્યું એટલે બધે ઝંઝટ છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

નવું ૨૦૨૦નું વર્ષ શરૂ થયું ત્યારથી છોતરા ઉખડવાના શરૂ થઈ ગયા છે. અંદર પીડા - વ્યથા - દમન વગેરે ઘણું બધું દબાયેલું હતું જે હવે ગુમડુ ફુટે અને રસી બહાર આવે તેમ આવી રહ્યું ચે. માનવ જ માનવથી ડરતો ફરે એ હકીકત ઘણા સમયથી શરૂ હતી પરંતુ કોરોનાએ તેમાં વાસ્તવિકતા ભરી દીધી અને બધા માસ્ક ઢાંકીને જીવવા લાગ્યા કેમ કે ચહેરો તો ખુબસુરત રહ્યો જ નથી! ભૌતિક દૃષ્ટિએ દેખાતી સુંદરતા આંતરિક ઉમદા લાગણીઓ દ્વારા ભાવાત્મક રીતે અન્ય લોકો પામી શકે તે જ હોય સૌંદર્ય પામતા પહેલાં સુદર બનવું પડે ! કહેવાતી પ્રગતિ અને વિકાસની સ્પર્ધાત્મક દુનિયા છેલ્લા બે દાયકામાં જે રીતે દોડી એ વિકૃતિ થઈ અને છેવટે દુઃખના દરિયામાં જઈને પડી છે. આજનો માનવી જીવન માટે તલસે છે, કણસે છે તો કોઈ અતિ ડિપ્રેશનમાં રડે છે. વધુ હતાશામાં અભિનેતા અથવા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ પણ આત્મહત્યા કરી લેતા આપમે જોઈ રહ્યા છીએ. કોરોનાએ બધા પ્રશ્નોનો ઝડપથી સરવાળો શરૂ કર્યો છે તેથી વિશ્વ ત્રસ્ત થઈ રહ્યું છે. માનવજાતની જ વાત કરીએ તો તે અતિ સ્વાર્થી, ક્રૂર, પ્રોફેશનલ બની કે તેણે પર્યાવરણ ઉપરાંત બધા સદ્‌ગુણોનો સાર્વત્રિક સંહાર કર્યો એટલે જ ઝમીર ગુમાવ્યું પછી તો આંસુ વિના બચે શું? ભૂલી ગયા બધા કે આપણે સર્જનહારનું ઉત્તમ પ્રદાન સહેતુક છીએ એટલે જ વિપત્તિનો સમય સામે વિકરાળ થઈને ઊભો છે. બધા લોકો સોદાગર બની જાય તો પછી આબાદીની હાલત કેવી થાય ?

'ગુઝર રહાં હું મૈં,
સોદાગરો કી બસ્તી સે
બદન પે દેખિયે કબ તક
બિલાસ રહતા હૈ'

વિશ્વ આજે ટેકનોલોજી અને વૈશ્વિક ઉદારીકરણના લીધે ૧૯૯૧ પછી પરસ્પર એટલું વ્યાપક કે સઘન રીતે જોડાયેલું થઈ ચૂક્યું છે કે જેમાં કોઈને તિરસ્કૃત પણ કરવાનું જટીલ બની ગયું છે. બધાનો મહામંત્ર છે વિકાસ - આર્થિક ઉન્નતિ અને જીવનધોરણમાં વધુ ભૌતિક પ્રાપ્તિ એટલે જ હવે બધા ઓછા-વત્તા અંશે પરેશાન છે !

શક્તિશાળી ગણાતા દેશોએ જ વૈશ્વિક પર્યાવરણ બગાડી જ દીધું અને હવે બીજા રાષ્ટ્રોને અંકુશિત કરવાના પેંતરાઓ થઈ રહ્યા છે. પૃથ્વી કોઈની પણ જાગીર નથી છતા દરિયાની ઉપર પ્રભુત્વ રાખવા બધા પ્રયાસ થઈ રહ્યા છે. હથિયારોના પરિક્ષણથી પૃથ્વી હચમચી જાય છે એટલે જ હવે ભૂકંપો વારંવાર અને દરેક દેશમાં આવી રહ્યા છે. પરંતુ કોઈ આ માટે બોલવા પણ તૈયાર નથી. વ્યક્તિ જીવંત હોવાનો અર્થ એ છે કે તેના દેહમાં આત્મા અસ્તિત્વ ધરાવે છે. આત્માને ખોઈ નાખવો એટલે જ ઝમીરનું લુપ્ત થઈ જવું! શરીરની અંદર હવાનો જે અંશ છે જેને પકડી કે જોઈ શકાતો નથી જે જન્મની સાથે ખુદ ઈશ્વરે ભર્યો છે તે તત્ત્વ પરમતત્ત્વના પ્રતિનિધિ સમાન 'આત્મા' છે શાસ્ત્રોમાં જેને અજરઅમર અવિનાશી કહેવામાં આવ્યો છે. આ શુદ્ધ પરમ તત્ત્વ બધા સજીવોમાં અવશ્ય છે છતાં તેમાં કોઈને ઈશ્વરના દર્શન થતા નથી. એ પણ વિચિત્રતા જોવા મળે છે. સ્વાર્થી વિશ્વમાં બધું જ ગણતરીવાળું થયું એટલે પોતાપણાની લાગણી જતી રહી. આત્માનો અવાજ સાંભળનાર પણ નથી અથવા બહુ જૂજ રહયા છે. આત્મા સો પરમાત્માની દિવ્ય પ્રાર્થના પણ ગઈ. અમાનવીય હરકતોથી ઝમીર નાશ પામ્યું ને ઝંઝટો પેદા થઈ રહી છે !!

એક સુંદર શેર છે -
''હોઉ છું, હવારૂપે હું
કે તું માણી શકે મને
નથી દૂર તારાથી
જો તું જાણી શકે મને''

કવિ મકરંદ દવેના શબ્દોમાં - વેર્યા મેં બીજ અહીં છૂટે હાથે હવે વાદળ જાણે ને વસુંધરા !! ઋગ્વેદ ૧-૪-૮ નો શ્લોક છે - પ્રાવો વાજેષુ વાજિનમ્ । અર્થાત્ ઈશ્વર જે લોકો સ્વયંની સાથેની લડાઈમાં જીત માટે સંઘર્ષ કરે તેવા સાહસિક લોકોની રક્ષા કરે છે. (God will Protect the courageous people in selt strugggle and Wars). આ બાબતની ચર્ચા કરવા માટે મુખ્ય હેતુ એ છે કે લોકો ભટકી રહ્યા છે. જેઓમાં આત્મા હોવા છતાં નથી ! જો ઝમીર હોય તો માણસમાં ખમીરનું પ્રાગટ્ય અવશ્ય થાય છે. ઝમીર મરી પરવારે ત્યારે ચારિત્ર્ય ચાલ્યું જાય, ચોરી કરવામાં આવે, અપવાદો સર્જાય, ક્રૂરતા ભર્યા વ્યવહારો થાય, દમન શોષણ તથા અનીતિથી ખદબદતા સમાજનું નહીં ગમતું સર્જન ઊભું થાય છે અને પછી કોઈ ન્યાય મળે તેવું પણ શક્ય રહેતું નથી.

વિશ્વકક્ષાએ પણ ચીન જેવા લુચ્ચા લાલચુ દેશ બધી જ પરિસ્થિતિમાં અન્યના હિસ્સાનું કઈ રીતે પચાવી પાડવું તેની વ્યૂહરચનામાં સતત વ્યસ્ત છે એ માર્કેટ શેરની સ્પર્ધામાં પણ બધું મેળવવા તૈયાર છે અને યુદ્ધ કરવાની પણ તૈયારી રાખે છે જે બદનસીબે ભારતનો પાડોશી દેશ છે. પાડોશીઓ ને બદલી શકાતા નથી અને આપણે વર્ષોથી ઉદારમતવાદ રાખી ને રહ્યા છતાં તેના દિલોને પણ બદલી શકતા નથી. આ બધાના મૂળમાં ઝમીરની જમીન ગાયબ છે! સ્વયંની રક્ષા, સ્વ-માન આ બે મૂલ્યો માટે કોઈ રીતે સમજૂતી થઈ શકે જ નહીં - અન્યથા વિનાશના દિવસો ઝડપથી આવે છે. પરંતુ રાજકારણની ગંદકીથી લોકો નિરાશ અવશ્ય થયા કરે છે. ઐક્ય સંપ માટે લોહીના સંસ્કારો કામ કરે છે બાકી કીડીઓ કયાં કોઈ યુનિવર્સિટીમાં ભણવા જાય છે!? ઝમીર રાખીને જીવો.

શેર આસ્વાદ :
બિલકુલ ચુપચાપ સે બૈઠે હૈ
આજ સપને મેરે
લગતા હૈ હકીકત ને કોઈ
સબક સિખાયા હૈ !!